# પીવાના પાણી માટે ફ્લોરાઇડ મિટીગેશન સેન્ટર ગાંધીનગરને

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ફ્લોરાઇડ મિટીગેશન સેન્ટર સ્થાપવા માટે ભારત સરકારે નિર્ણય કર્યો છે. આ સેન્ટર ગાંધીનગરમાં સ્થપાશે.

પીવાના પાણી માટે અને સેનિટેશન અંગે રાજ્યોના મંત્રીઓ અને અધિકારીઓની મળેલી એક બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે કેન્દ્રએ એવી સૂચના આપી છે કે પાણીમાં ફ્લોરાઇડ સહિતના માત્રાઓનો અભ્યાસ કરવો જોઇએ.

રાજ્યના પાણી પુરવઠા મંત્રી નિતીન પટેલે એવી માગણી કરી હતી કે કેન્દ્રએ ગુજરાતને આ સેન્ટર આપવાનું નક્કી કર્યું છે ત્યારે સ્પેશ્યલ ફંડ પણ આપવું જોઇએ. ગુજરાતના પ્રત્યેક શહેર અને ગામને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ

## ભારત સરકારનો હકારાત્મક પ્રતિભાવ,રાજ્યએ ફંડની માગણી કરી,ગુજરાતે પીપીપી મોડલ અપનાવ્યું છે

આ સેન્ટર માટે ગુજરાત પાસે ડિટેઇલ પ્રોજેક્ટ પ્રપોઝલ માગી હતી જે નવેમ્બર-૨૦૧૧ના રોજ કેન્દ્રને મળી ચૂકી હોવાનું જણાવવામાં આવે છે.

કેન્દ્ર સરકારે નાગપુર સ્થિત નેશનલ એન્વવાયરમેન્ટલ એન્જીનિયરીંગ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ-નીરી ને જણાવ્યું હતું કે પીવાના પાણીની ગુણવત્તા ચકાસવાની દિશામાં ફોક્સ કરવું અને આ સેન્ટર ગુજરાતમાં સ્થપાય તે માટેના પ્રયાસો હાથ ધરવા. છે પરંતુ આર્થિક મદદ મળી રહે તો પીવાના પાણી માટે વધારે સરળતાથી કામ થઇ શકે.

રાજ્ય સરકારે ૨૦૦૩-૦૪ના બજેટમાં પાણી પુરવઠા પાછળ ૬૭૨ કરોડનો ખર્ચ કર્યો હતો, જ્યારે ૨૦૧૨-૧૩ના બજેટમાં ૨૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. પાણી પુરવઠા ક્ષેત્રના પ્રોજેક્ટમાં સરકારે પીપીપી મોડલ અપનાવ્યું છે. રાજ્યના ૯૮ ટકા ગામોમાં પાણી સમિતિ પાણીના નેટવર્કનું ડિસ્ટ્રીબ્યુશન કરી રહી છે.




ગાંધીનગર બ્રહ્મભવન સંકુલમાં આજે પ્રસિદ્ધ ભાગવતાચાર્ય યુવા સંત પૂ. રમેશભાઈ ઓઝા "ભાઈશ્રી" પધાર્યા હતા. પૂ. ભાઈશ્રીએ સોમનાથ મહાદેવના મંદિરના દર્શન-પૂજનનો લાભ લીધા બાદ બ્રહ્મભવનના બાંધકામ અંગે જાણકારી મેળવી હતી. બ્રહ્મસમાજના આગેવાનોને સંબોધતા બ્રહ્મભવન ઝડપથી પૂર્ણ થશે એવા આશીર્વાદ પાઠવ્યા હતા. આ નાનકડા સમારોહમાં સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણી વર્ષ-૨૦૧૨માં વધુ આઠ સનદી અધિકારીઓ નિવૃત્ત થશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો તોળાઇ રહ્યાં છે. એવું જણાય છે કે જૂનમાં શાળા પ્રવેશોત્સવ પછી બદલીઓ સંભવ છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ત્રીસ થી વધારે આઇએએસની ઘટ છે ત્યારે વિધાનસભાની ચૂંટણીના વર્ષ-૨૦૧૨માં વધુ આઠ સનદી અધિકારીઓ

## સરકારના વહીવટી તંત્રમાં ફેરફારને અવકાશ,વય નિવૃત્તિ પછી 'ફીક્સ' પગારથી પોસ્ટીંગની મોસમ

વય નિવૃત્ત થઇ રહ્યાં છે.

સરકારમાં નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ તરીકે અનુભવનો લાભ લેવા ઘણાં આઇએએસને પુનઃ નિયુક્ત કરવામાં આવે છે. છેલ્લે નિવૃત્ત થયેલા ચાર ચીફ સેક્રેટરીઓને પણ સરકારે નિવૃત્તિ પછી ફીક્સ પગારની નોકરી આપી હતી તેમ નિવૃત્ત થયાં ૧૧ પૈકી પાંચ કે છ આઇએએસને ફીક્સ પગારની નોકરી મળવા સંભવ છે

રાજ્ય સરકાર હાલ ડો. મંજુલા સુબ્રમણ્યમ, સુધીર માંકડ અને

● અનુસંધાન પાન-૫ પર

# વાઉચરમાં તારીખ બદલી જમીનમાં ભાગીદાર મહિલા સાથે લાખોની છેતરપીંડી

## અગાઉ પેથાપુરમાં ફાર્મસી કોલેજ બનાવવા ભાગીદારીમાં જમીન ખરીદી હતી

ગાંધીનગર, તા. ૨૭

જૂના વાઉચરમાં તારીખ બદલીને કોર્ટમાં રજુ કરીને એક ઈસમે જમીનમાં ભાગીદાર મહિલા સાથે લાખોની છેતરપીંડી કરી હોવાથી ફરીયાદ સેક્ટર-૭ પોલીસમથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોટેરામાં રહેતા શારદાબેન જયંતિભાઈ પટેલ અને ગોતામાં રહેતા કાન્તીલાલ મણીભાઈ પટેલ બન્નેએ ભેગા મળી પેથાપુરમાં ભાગીદારીમાં જમીન ખરીદી હતી. ફાર્મસી કોલેજ બનાવવા જમીન ખરીદ્યા બાદ શારદા એજ્યુકેશન ટ્રસ્ટની નોંધણી પણ કરી હતી જે મુજબ ફાર્મસી કોલેજ પાર્ટનરશીપમાં શરૂ કરી હતી. આ કોલેજનો વહિવટ કાન્તીભાઈ શંભાળતા હતા. આ દરમ્યાન વહિવટમાં ગેરરીતી થતી હોવાનું શારદાબેનના ધ્યાને આવ્યું હતું. જ્યારે શારદાબેનની બે વિઘા જમીન ખોટી પાવર ઓફ એટર્ની બનાવી કાન્તીભાઈએ અન્યને વેચી દીધી હોવાની ફરીયાદ પણ અગાઉ જે તે સમયે શારદાબેને પેથાપુર પોલીસમથકે નોંધાવી હતી. ત્યારબાદ વકીલ મારફતે આ કેસમાં સમાધાન થતાં બન્ને વચ્ચેની ભાગીદારી છૂટી થઈ હતી. જ્યારે આ પેટે કાન્તીભાઈએ શારદાબેનને ૧.૬૩ કરોડ આપવાના નીકળતા હતા જે પૈકી શારદાબેનને ૧.૨૩ કરોડ ચુકવ્યા હતા. જ્યારે બાકીના ૪૦ લાખની રકમ ચૂકવવા એમ.ઓ.યુ. કરી તબક્કાવાર આપવાનું નક્કી થયુ હતું. પરંતુ માંગણીના અંતે પણ બેલી રકમ ન ચૂકવાતા આ મામલે શારદાબેને કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જે દરમ્યાન આરોપીએ ૨૦ જૂન ૨૦૧૧ના રોજ રૂપિયા ૨૩ લાખના આપેલા વાઉચરની જૂની તારીખમાં ફેરફાર કરી ૨૮-૮-૨૦૧૧નું વાઉચર રજુ કર્યું હતું. આમ જૂના વાઉચરમાં તારીખ બદલી લાખોની છેતરપીંડી આચરવાનો ભંડો ફૂટતા મહિલાએ આ મામલે આરોપી વિરૂદ્ધ સે. ૭ પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે.

સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.કે. રહેવરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ચંદુભાઈ ચુનીલાલ ઠાકર (મુળ ગામ : નાંદોલ) તા. ૨૫-૫-૨૦૧૨ને શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા. ૨૮-૫-૨૦૧૨ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ હોલ, સેક્ટર-૭/સી, ગાંધીનગર

લિ.

| | | |
|---|---|---|
| | દર્શન ઠાકર (પુત્ર) (DO, LIC ગાંધીનગર) | રૂપલ દવે (પુત્રી) |
| | | રાકેશ દવે (જમાઈ) |
| સ્વ. પુરૂષોત્તમ ઠાકર (ભાઈ) | અલકા ઠાકર (પુત્રવધૂ) | સોનલ ત્રિવેદી (પુત્રી) |
| લક્ષ્મીશંકર ઠાકર (ભાઈ) | નિયતિ ઠાકર (પૌત્રી) | નૈનેશ ત્રિવેદી (જમાઈ) |
| ભાનુપ્રસાદ ઠાકર (ભાઈ) | ચંદ્રાર્ક ઠાકર(પૌત્ર) | |

# સમાજ સેવકોનું સન્માન કરવુ આપણું દાયિત્વ છે : રાજ્યપાલ

## અમૃત મહોત્સવ નિમિત્તે 'કર્મયોગી' અને આપણા અરૂણભાઈ પુસ્તકનું વિમોચન કરાયું : રાજ્યપાલના હસ્તે તામ્રપત્ર એનાયત કરાયું

ગાંધીનગર, તા. ૨૭

અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત અરૂણ બૂચના અમૃત



મહોત્સવ પ્રસંગે કર્મયોગી તથા સ્મૃતિગ્રંથ પુસ્તકોનું વિમોચન કરતા રાજ્યપાલ ડૉ. કમલાજીએ અરૂણ બૂચના લોકસેવાના કાર્યોને બિરદાવતા જણાવ્યું હતું કે તેમણે સેવાની જ્યોતિથી ગરીબ-નિસહાય લોકોના યાતનાગ્રસ્ત જીવનમાં ખુશાલીના ઓજસ પાથરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે સમાજની ઉન્નતિ માટે નિઃસહાય લોકોની સાચી લગન સાથે સેવા કરનારાની સેવાઓને અથાયોગ્ય સન્માન દ્વારા ઉજાગર કરવી જોઈએ. જેનાથી આપણી યુવાપેઢી પણ સમાજ સેવાના કાર્યો માટે પ્રોત્સાહિત થશે. તેમણે સમાજની ભલાઈ માટે બહુમુલ્ય યોગદાન પ્રદાન કરનાર અરૂણભાઈ હજુ પણ સમર્પણ ભાવનાથી જનહીતના કાર્યો કરતા રહેશે તેમ પણ જણાવ્યું હતું.

અરૂણ બૂચના અમૃત મહોત્સવ નિમિત્તે લેખક રજનીકુમાર પંડ્યા લિખિત પુસ્તક કર્મયોગી તેમજ કુ. ચેતના બૂચ સંપાદિત પુસ્તક આપણા અરૂણભાઈનું આજે રાજ્યપાલ ડૉ. કમલાજી તેમજ પૂ. ભાઈ શ્રી રમેશ ઓઝાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ તબક્કે અરૂણભાઈની સેવાપ્રવૃત્તિ બિરદાવતા રાજ્યપાલ ડૉ. કમલાજીના હસ્તે તેમને તામ્રપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

'કર્મયોગી' તેમજ લોક લાગણીને વાચા આપવા પુસ્તક 'આપણા અરૂણભાઈ'ના વિમોચન પ્રસંગે ઉપસ્થિત પૂ. રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે 'ગીતા' જીવ્યા વિના નિવૃત્તિની જાહેરાત કરવી તે નબળાઈનું સન્માન કરવા જેવી બાબત છે. મશીન ચાલુ રહે તેમ સારૂ રહે. માણસ પણ પડ્યો પડ્યો બગડે માણસે સંયમ અને સમજણપૂર્વક કાર્યરત રહેવું જોઈએ જે માણસ ઘસાય છે તે ક્યારેય ઘરડો થતો નથી. ઘરડો એટલે થાકેલો નહી પરંતુ પાકેલો. વૃદ્ધિ પામ્યો તે વૃદ્ધ આપણને નિશ્ચિત શ્વાસ મળ્યા છે. તેને ક્યા ખર્ચવા તેની કાળજી કરવી જોઈએ. આપણે ગણેલા શ્વાસ લઈને આવ્યા હોય તેની એફ.ડી. ન થાય. હાલ પૈસાનુ સમજીને રોકાણ થાય છે. પરંતુ આપણે શ્વાસને ઈન્વેસ્ટ નહીં..! વેસ્ટ કરીએ છીએ. આપેલી સંપત્તિ પાછી કમાઈ શકાય છે. સમય પાછો મળતો નથી. માટે જ 'ટાઈમ ઈઝ મની'ના બદલે તેમણે ટાઈમ ઈઝ મચ મોર ધેન મની નો ઉલ્લેખ કર્યો હતો. સમાજમાં કાંકરા કાઢી ચોખાથી જીવન ચલાવવાની વૃદ્ધિ કેળવી લેવી જોઈએ. બુરાઈ પેદા થાય છે. પણ ટકી શકતી નથી. પોઝીટીવ વિચાર અમૃત સમાન બની રહે છે.

### ગીતા જીવ્યા વિના નિવૃત્તિની જાહેરાત નબળાઈનું સન્માન કરવા સમાન નામ-અરૂણ વય તરૂણ : પૂ. રમેશ ઓઝા

● અનુસંધાન પાન-૫ પર





Stockiest List - Gandhinagar Dist. :

S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com